નશાબંધી પ્રચાર પ્રવૃત્તિ માટે નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતાના અધિકારીઓની ખર્ચની સત્તામર્યાદા વધારવા અંગે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પ્રચર/૨003/3૨૫3/ઈ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ – 03/0૯/૨૦૧૪.

વંચાણમાં લીધો : (૧) શિક્ષણ અને મજૂર વિભાગના તા.0૬/0૮/૧૯૭૩ના ઠરાવ ક્રમાંક ઈએસટી/૧૦૭૨/૭૩૯૧૪/પી.
(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/0૫/૧૯૮૩નો ઠરાવ ક્રમાંક પ્રચર/૧૦૮૨/૧૧૨૯૩/મ.
(3) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૮/૧૧/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક પ્રચર/૧૦૯૧/૧૨૬૪/મ.
(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૭/૧૧/૧૯૯૬નો ઠરાવ ક્રમાંક પ્રચર/૧૦૯૬/૧૪૨૬/મ
(૫) ગૃહ વિભાગનો તા.૧૬/૧૨/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક પ્રચર/૧૦૯૭/૨૦૬3/૯૮/ઈ-૧
(૬) નિયામશ્રી, નશાબંધી અને આબકારી ખાતું, અમદાવાદનો તા.૧૭/૧૨/૨૦૦3નો પત્રક્રમાંક નશપ/૫/૨/૨૦૦3/પ્રચાર/૧૬૪૮.

ઠરાવ :

આમુખ – ૫માં ઉલ્લેખિત ગૃહ વિભાગના તા.૧૬/૧૨/૧૯૯૮ના ઠરાવક્રમાંક પ્રચર/૧૦૯૭/૨૦૬3/૯૮/ઈ-૧થી નશાબંધી પ્રચાર પ્રવૃત્તિ માટે નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતાના અધિકારીઓને નક્કી કરેલ રકમનો ખર્ચ કરવાની સત્તા આપતા હુકમો. કરવામાં આવેલ હતા. આમુખ ક્રમાંક -૬માં ઉલ્લેખિત નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતાના તા.૧૭/૧૨/૨૦૦3ના પત્રથી નશાબંધી પ્રચાર પ્રવૃતિ માટે ગૃહ વિભાગના તા.૧૬/૧૨/૧૯૯૮ના ઠરાવથી નિયત કરેલ રકમનો ખર્ચ કરવા માટે જે સત્તા આપવામાં આવેલ છે. તે પ્રવર્તમાન ભાવાંક અને મોંઘવારીની દ્રષ્ટીએ પ્રમાણમાં ઓછી હોવાથી, ખર્ચ કરવાની સતામર્યાદાના ધોરણોમાં વધારો કરવા માટે કરેલ દરખાસ્ત બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની ખર્ચ કરવાની સતા વધારી આપવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | સત્તા અધિકારી | હાલની સત્તાઓ | નવી મંજુર કરવામાં આવતી સત્તાઓ |
|---|---|---|---|
| ૧ | નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ખાતું, અમદાવાદ, ખાતાના વડા | રૂ. 30,000/- (ત્રીસ હજાર) | રૂ. ૫0,000/- (પચાસ હજાર) |
| ૨. | નાયબ નિયામકશ્રી,નશાબંધી અને આબકારી ખાતું, અમદાવાદ. | રૂ. ૧૫,000/-(પંદર હજાર) | રૂ. 30,000/-(ત્રીસ હજાર) |
| 3. | નશાબંધી અને આબકારી, અધીક્ષક વર્ગ- ૧. | રૂ. ૫000/- (પાંચ હજાર) | રૂ. ૧૫,000/-( પંદર હજાર) |
| ૪. | નશાબંધી અને આબકારી વર્ગ-૨ | રૂ. 3000/-(ત્રણ હજાર) | રૂ. 3,000/- (ત્રણ હજાર) |

ઉપરોક્ત અધિકારીઓની ખર્ચ કરવાની સત્તા મર્યાદામાં ઉપર જણાવ્યા મુજબ વધારો કરવામાં આવે છે, પરંતુ આમુખ ક્રમાંક -૨ ના ઠરાવની શરતો અને બોલીઓ યથાવત રાખવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર અ.મુ.સચિવશ્રી,નાણાવિભાગની તા.૨૦/૦૮/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. ટી. પટેલ)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

(૧) નિયામક, નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(૨) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૪) સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ.
(૫) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
(૬) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) નાણા સલાહકાર(ગૃહ), નાણા વિભાગ.
(૮) ના.સે. સિલેક્ટ ફાઈલ
(૯) સિલેક્ટ ફાઈલ